# સચિન GIDCનો પ્લોટ પડાવી વૃદ્ધ સાથે રૂ. ૨.૮૩ કરોડની ઠગાઈ

**પ્લોટના** વેચાણની રકમ, ભાડાની આવક અને સાળા-સાળીની ફીના બહાને લાખો રૂપિયા પડાવી લીધા

સુરતઃ સચીન જીઆઈડીસી વિસ્તારમાં આવેલી કરોડોની કિંમતી મિલકત વેચાણના બહાને ઉધનાના એક સિનિયર સિટિઝનને વિશ્વાસમાં લઈ, પ્લોટના નાણાં તેમજ ભાડાની આવક અને સાળા-સાળીના અભ્યાસની ફીના નામે કુલ રૂપિયા ૨.૮૩ કરોડની ઠગાઈ આચરવામાં આવી છે. વારંવારની ઉઘરાણી છતાં નાણાં પરત ન મળતા આખરે ભોગ બનનાર વૃદ્ધે ન્યાય માટે પોલીસના દ્વાર ખટખટાવ્યા છે. પોલીસે આ મામલે ઉત્રાણના એક ભેજાબાજ વિરૂદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ઉધના વિસ્તારમાં આવેલા રામજીનગરમાં રહેતા ભદ્રેશભાઈ નવીનચંદ્ર ગુલાબદાસ ભગત (ઉં.વ. ૬૯) સચીન જીઆઈડીસીના ડાયમંડ ઈન્ડસ્ટ્રિયલ પાર્કમાં કિંમતી પ્લોટ ધરાવે છે. વર્ષ ૨૦૨૧માં ઉત્રાણ ખાતે ગોલ્ડન સિટી રેસિડેન્સીમાં રહેતા હાર્દિક દલપતભાઈ સુતરીયાએ તેમનો સંપર્ક સાંધ્યો હતો. તેણે તેમનો વિશ્વાસ જીતી પ્લોટના વેચાણના રૂપિયા તો આપ્યા જ ન હતાં પરંતુ સાથે સાથે ભાડાની આવક પણ તે લેવા માંડ્યો હતો. આટલું ઓછું હોય તેમ તેણે ભદ્રેશભાઈના સાળા-સાળીના ઉચ્ચ અભ્યાસની ફી ભરવાના બહાને પણ મોટી રકમ એડવાન્સ તરીકે મેળવી લીધી હતી. આમ, પ્લોટ વેચાણની રોકડ, ભાડાની રકમ અને શૈક્ષણિક ફી મળીને હાર્દિકે કટકે-કટકે કુલ રૂપિયા ૨,૮૩,૦૦,૦૦૦ પડાવી લીધા હતા.મિલકતનો સોદો થયાને લાંબો સમય વીતી જવા છતાં હાર્દિકે નક્કી કરેલી રકમ ચૂકવી નહોતી. ભદ્રેશભાઈએ પોતાના જ નાણાં પરત મેળવવા માટે હાર્દિક સુતરીયાની ઓફિસ અને ઘરના અસંખ્ય ધક્કા ખાધા હતા.

જો કે, આરોપી દર વખતે અલગ-અલગ બહાના બતાવી વાયદા પર વાયદા કરતો હોવાથી ગઈકાલે સચીન જીઆઈડીસી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આરોપી હાર્દિક સુતરીયા વિરૂદ્ધ વિશ્વાસઘાત અને છેતરપિંડીનો ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

# ગાંજા સાથે ઝડપાયેલા ત્રણને ૧૦ વર્ષની સજા

**ટ્રકમાં** બટાકા નીચે છુપાવીને ૫૬૨ કિલો ગાંજો લવાયો હતો



સુરતઃ સ્પેશિયલ એન.ડી.પી.એસ. કોર્ટે વર્ષ 2020ના ગાંજા કેસમાં ત્રણેય આરોપીને દોષિત ઠેરવી 10 વર્ષની સખત કેદની સજા ફટકારી હતી.

મે 2020ના રોજ એન.સી.બી. અમદાવાદ ઝોનલ યુનિટને મળેલી બાતમીના આધારે સુરત જિલ્લાના કીમ સર્કલ નજીક ટ્રક (નં. MH 18 BA 2023)માંથી બટાકાની ગુણોની નીચે સંતાડીને રાખવામાં આવેલો કુલ 562.550 કિલોગ્રામ ગાંજો જપ્ત કરવામાં આવ્યો હતો.

આ કેસમાં કાલુ ચરણ બહેરા, સુધીરકુમાર સ્વાંઈ અને મિથુન પ્રધાનની ધરપકડ કરવામાં આવી હતી. આ કેસની ન્યાયિક કાર્યવાહીમાં એન.સી.બી.એ મુદ્દામાલ, મોબાઈલ ફોન, દસ્તાવેજો તેમજ ફોરેન્સિક પુરાવા સહિત અનેક પુરાવા કોર્ટ સમક્ષ રજૂ કર્યા હતા. કોર્ટમાં કુલ નવ સાક્ષી રજૂ કરવામાં આવ્યા હતા. એનસીબીના ખાસ સરકારી વકીલ રવિન્દ્ર ટીએસએ કેસ પુરવાર કરવામાં સફળ રહ્યા હતા. બચાવ પક્ષે તપાસમાં ખામી અને સ્વતંત્ર સાક્ષીઓના અભાવ સહિતની દલીલો કરી હતી. બન્ને પક્ષની દલીલો અને પુરાવાના અધ્યન બાદ સ્પેશિયલ એનડીપીએસ કોર્ટે આરોપી કાલુ બહેરા, સુધીરકુમાર સ્વાંઈ અને મિથુન પ્રધાનને ૧૦ વર્ષની કેદની સજા અને દરેકને એક લાખનો દંડ ફટકાર્યો હતો.

# 2000 માટે 26 સેકન્ડમાં 13 ફટકા મારી વૃદ્ધની હત્યા

**રૂપિયા** ચોરીની શંકામાં ફૂટપાથ પર રહેતો યુવાનને પોલીસે 100 કેમેરા ચકાસી ઝડપી લીધો

સુરતઃજહાંગીરપુરા ઓલપાડ રોડ પર વહેલી સવારે કચરો વીણતા ૬૦ વર્ષીય વૃદ્ધ બાબુભાઈ સાવંત પર લાકડાના ૧૩ ઘા ઝીંકીને કરાયેલી નિર્મમ હત્યાના સનસનીખેજ ગુનાનો ભેદ ઉકેલવામાં જહાંગીરપુરા પોલીસને મોટી સફળતા મળી છે.

હૃદયદ્રાવક ઘટનાના લાઈવ સીસીટીવી ફૂટેજ સામે આવ્યા બાદ એક્શનમાં આવેલી પોલીસે ગણતરીના કલાકોમાં જ હત્યારા કિશોરભાઈ મોતીરામભાઈ પટેલ (ઉં.વ. આશરે ૫૫, રહે. ફૂટપાથ ઉપર, જહાંગીરપુરા, મૂળ રહે. ભાંડુત, ઓલપાડ)ને ઝડપી લીધો હતો.

ચોંકાવનારી વિગત એ છે કે, માત્ર બે હજાર રૂપિયા ચોરાઈ જવાની શંકા રાખીને આ ક્રૂર હત્યાકાંડને અંજામ આપવામાં આવ્યો હતો.જોકે મરણજનારના કોઈ વારસદાર ન મળતા પીએસઆઈ અભીજીતસિંહ ઘરિયા પોતે સરકાર તરફથી ફરિયાદી બન્યા હતા. પોલીસ તપાસમાં બહાર આવેલી વિગત મુજબ, પકડાયેલા હત્યારાના ૨ હજાર રૂપિયા ચોરાઈ ગયા હતા. તેને શંકા હતી કે આ રૂપિયા મરણજનાર બાબુભાઈએ ચોર્યા છે. વારંવાર માંગવા છતાં બાબુભાઈ રૂપિયા આપતા ન હોઈ, રાખેલા વેરની વસૂલાત કરવા માટે આરોપીએ વહેલી સવારે કચરો વીણી રહેલા વૃદ્ધ પર રાક્ષસી બનીને જીવલેણ હુમલો કર્યો હતો અને માત્ર 26 સેકન્ડમાં ખેલ ખતમ કરી નાખ્યો હતો.

ઘટનાની ગંભીરતાને જોતા પોલીસ ઇન્સ્પેક્ટર બી.બી. પરમારના નેતૃત્વમાં જહાંગીરપુરા પોલીસની અલગ-અલગ ટીમો બનાવવામાં આવી હતી. પોલીસે ઘટનાસ્થળ અને આવવા-જવાના શંકાસ્પદ રૂટો પર લાગેલા ૧૦૦થી વધુ સીસીટીવી કેમેરાના ફૂટેજનું ઝીણવટપૂર્વક ટેકનિકલ એનાલિસિસ કર્યું હતું. ફૂટેજમાં દેખાતો શંકાસ્પદ ઈસમ પ્લાસ્ટિકની ખાલી બોટલો વીણીને રઝળતું જીવન જીવતો હોવાનું માલૂમ પડ્યું હતું.

આરોપીને ઝડપી પાડવા માટે પોલીસ ટીમોએ સુરત શહેરના જહાંગીરપુરા, રાંદેર, અડાજણ, પાલનપુર, ઈચ્છાપોર, હજીરા, ડુમસ તેમજ મગદલ્લા-પિપલોદ સહિતના વિસ્તારો અને ઓલપાડ તાલુકાના ગામોમાં રાત્રિ દરમિયાન અવરજવર કરતા લોકો અને સ્થાનિક રહીશોની કડક પૂછપરછ કરી હતી.

## પાલી ગામમાં એક સાથે આઠ મકાનોની ગેલેરી તૂટી



સુરત : શહેરમાં જર્જરિત ઇમારતોની સલામતી અંગે ફરી એકવાર ગંભીર સવાલો ઊભા થયા છે. સચીનના પાલિગામ વિસ્તારમાં છોટુ કાકાની વાડી પાસે આવેલા વિરાજ કોમ્પ્લેક્સમાં મોડી રાત્રે પાછળના ભાગની અંદાજે 40 મીટર લાંબી ગેલેરી અચાનક ધડાકાભેર ધરાશાયી થતાં આઠ પરિવારોના મકાનોને સીધી અસર પહોંચી હતી. ઘટનાના સમયે મોટાભાગના રહીશો નિંદ્રાધીન હતા. જોરદાર અવાજ સાંભળીને લોકો ગભરાઈને ઘરની બહાર દોડી આવ્યા હતા. સદનસીબે કોઈ જાનહાનિ થઈ ન હોવાથી મોટી દુર્ઘટના ટળી હતી. પ્રાપ્ત માહિતી મુજબ વર્ષ 2014માં નિર્માણ પામેલા વિરાજ કોમ્પ્લેક્સમાં કુલ 201 મકાનો આવેલા છે, જેમાં મુખ્યત્વે મધ્યમ અને ગરીબ વર્ગના પરિવારો રહે છે. વર્ષ 2017માં રહેવાસીઓએ મકાનના દસ્તાવેજો કરાવ્યા હતા અને ઘણા પરિવારો હજુ પણ બેંક લોનની ઈએમઆઈ ભરી રહ્યા છે. ગેલેરી ધરાશાયી થતાં અસરગ્રસ્ત પરિવારો ચિંતાતુર બની ગયા હતા. સ્થાનિક રહેવાસી વિજયભાઈ ગોવિંદભાઈ ચૌહાણે જણાવ્યું હતું કે ગેલેરી તૂટી પડ્યા બાદ આખી ઇમારત જોખમી બની ગઈ છે. તેમણે મહાનગરપાલિકા, જિલ્લા પ્રશાસન અને બિલ્ડર પાસે અસરગ્રસ્ત પરિવારોને તાત્કાલિક વૈકલ્પિક રહેઠાણ અને રેન બસેરાની સુવિધા ઉપલબ્ધ કરાવવાની માંગ કરી છે. (તસવીરઃ સતીષ જાદવ)

# ડિંડોલીમાં મસમોટો ભૂવો પડતાં પાણીનું ટેન્કર ફસાયું

**વરસાદના** વિરામ વચ્ચે પણ 'ભૂવારાજ' યથાવત



સુરતઃ શહેરમાં હજી તો વરસાદે પૂરતું જોર પણ પકડ્યું નથી છતાં શહેરભરમાં ભૂવા પડવાનો સિલસિલો યથાવત રહ્યો છે. ગુરુવારે સવારે ડિંડોલી વિસ્તારમાં આવેલા જી-9 સર્કલ પાસે મસમોટો ભૂવો પડવાની ઘટના સામે આવતા વહીવટી તંત્રમાં ભારે દોડધામ મચી ગઈ હતી. આ માર્ગ પરથી પસાર થઈ રહેલું એક પાણીનું ટેન્કર અચાનક જ ભૂવામાં ખાબક્યું હતું અને ફસાઈ ગયું હતું, જેને કારણે આ વ્યસ્ત રોડ પર વાહન વ્યવહાર પણ એક તબક્કે ભારે ખોરવાયો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, ડિંડોલીના આ જ વિસ્તારમાં મનપાના સ્ટોર્મ ડ્રેનેજ વિભાગ દ્વારા થોડા સમય પૂર્વે જ નવી ડ્રેનેજ લાઈન નાંખવામાં આવી હતી અને ત્યારબાદ રસ્તો નવો બનાવવામાં આવ્યો હતો, છતાં પ્રથમ વરસાદમાં જ રસ્તો ધસી પડ્યો હતો. સ્થિતિ એટલી ગંભીર છે કે હજુ ધોધમાર વરસાદ પડ્યો નથી છતાં છેલ્લા માત્ર ત્રણ જ દિવસમાં શહેરમાં ભૂવા પડવાની 4થી વધુ મોટી ઘટનાઓ નોંધાઈ ચૂકી છે. બે દિવસ પૂર્વે જ મોટા વરાછા વિસ્તારમાં 400 મીટરનો આખેઆખો રોડ જાણે જમીનમાં ગરકાવ થઈ ગયો હોય તેવા દ્રશ્યો સામે આવ્યાં હતા. જ્યારે ગત રોજ ઉધના ખાતે મુસાફરોથી ભરેલી એસટી બસ રસ્તા વચ્ચે પડેલા ખાડામાં ખાબકતાં મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. આટલું ઓછું હોય તેમ, લિંબાયત ગરનાળા પાસે શાળાના વિદ્યાર્થીઓથી ભરેલી એક સ્કૂલ વાન પણ આવા જ એક ભયાનક ખાડામાં ખાબકી હતી, જેને પગલે વાનમાં સવાર વિદ્યાર્થીઓના જીવ તાળવે ચોંટ્યા હતા.

# વકીલમંડળે સ્ટેન્ડિંગ ચેરમેન સમક્ષ પ્રશ્નોની રજૂઆત કરી

**કોર્ટ** પરિસરમાં પાર્કિંગ સમસ્યાના નિરાકરણની માંગ સાથે ચેસ ટુર્નામેન્ટ અંગે પણ ચર્ચા



સુરતઃ સુરત શહેરના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન રાજન બી.પટેલની સુરત જિલ્લા વકીલમંડળના હોદ્દેદારોએ શુભેચ્છા મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન સુરત જિલ્લા કોર્ટમાં પ્રેક્ટિસ કરતા વકીલોને પડતી વિવિધ સમસ્યાઓ અંગે વિસ્તૃત રજૂઆત કરવામાં આવી હતી. ખાસ કરીને કોર્ટ પરિસરમાં પાર્કિંગની ગંભીર સમસ્યાનો ઉલ્લેખ કરી તેના વહેલા અને યોગ્ય નિરાકરણ માટે માંગ કરવામાં આવી હતી. ઉપરાંત ગુજરાતમાં પ્રથમ વખત સુરત ડિસ્ટ્રિક્ટ બાર એસોસિએશન દ્વારા આયોજિત થનારી ચેસ ટુર્નામેન્ટ અંગે પણ વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ પ્રસંગે સુરત જિલ્લા વકીલમંડળના પ્રમુખ ઉદયભાઈ એચ.પટેલ, ઉપપ્રમુખ સંજયભાઈ જે. પટેલ અને સહમંત્રી કવન એમ. પટેલ ઉપસ્થિત રહ્યા હતા. સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન રાજન બી.પટેલે રજૂ કરાયેલા પ્રશ્નોને હકારાત્મક રીતે સાંભળી યોગ્ય કાર્યવાહી કરવાની ખાતરી આપી હતી તેમજ ચેસ ટુર્નામેન્ટના સફળ આયોજન માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

## સુરત ટેક્સટાઈલ માર્કેટ બોર્ડ ઓફ મેનેજમેન્ટની ચૂંટણીનો જંગ રસપ્રદ બન્યો

સુરતઃ સુરત ટેક્સટાઈલ માર્કેટ (STM)ના બોર્ડ ઓફ મેનેજમેન્ટની ચૂંટણીને લઈને રાજકીય માહોલ ગરમાયો છે. કુલ 20 બેઠક માટે યોજાનારી ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવવાનો તબક્કો પૂર્ણ થતાં અંતિમ દિવસે કુલ 53 ઉમેદવારોએ ચૂંટણી અધિકારી સમક્ષ પોતાના ઉમેદવારીપત્રો જમા કરાવ્યા છે. અગાઉ વિવિધ પેનલો અને સ્વતંત્ર ઉમેદવારો સહિત કુલ 74 દાવેદારે ઉમેદવારીપત્રો મેળવ્યા હતા. બોર્ડ ઓફ મેનેજમેન્ટની ચૂંટણીમાં 2 મહિલા અનામત બેઠક, 1 અનુસૂચિત જાતિ/જનજાતિ (SC/ST) અનામત બેઠક અને 17 સામાન્ય બેઠક મળી કુલ 20 બેઠક માટે 18 જુલાઈએ મતદાન યોજાશે. ચૂંટણી કાર્યક્રમ મુજબ 3 જુલાઈએ ઉમેદવારીપત્રોની પ્રાથમિક કાર્યવાહી હાથ ધરાશે, જ્યારે 4 જુલાઈએ ઉમેદવારીપત્રોની ચકાસણી કરવામાં આવશે. જે ઉમેદવારનું ફોર્મ અમાન્ય જાહેર થશે તેઓ 6 જુલાઈ સુધી અપીલ કરી શકશે. ત્યારબાદ 8 જુલાઈ સુધી ઉમેદવારોને ઉમેદવારીપત્ર પરત ખેંચવાની તક આપવામાં આવશે.

# થિયેટરમાં ટિકિટ ૨૦૦ની ને વરાછામાં ૨૦ રૂપિયામાં આખી ફિલ્મ પેન ડ્રાઈવમાં

**ગુજરાતી** ફિલ્મની પાઈરસી કરનાર દુકાનદારને ફિલ્મ નિર્માતાએ ગ્રાહક બની પકડી પાડ્યો

સુરતઃ સિનેમાઘરોમાં હજી માંડ ૧૦ દિવસ પહેલાં રિલીઝ થયેલી નવી ગુજરાતી ફિલ્મની પાઈરસી કરી, નિર્માતાઓને મોટું આર્થિક નુકસાન પહોંચાડવાનો એક ચોંકાવનારો કિસ્સો સુરતમાં સામે આવ્યો છે. વરાછા રોડ પર દુકાન ધરાવતા એક શખ્સે આખી ફિલ્મ માત્ર ૨૦ રૂપિયામાં પેનડ્રાઈવમાં કોપી કરી આપી હતી. જોકે, ફિલ્મ પ્રોડ્યુસરે પોતે જ ગ્રાહક બનીને દુકાને પહોંચી આ પાઈરસીના નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. વરાછા પોલીસે આ મામલે કોપીરાઈટ એક્ટ હેઠળ ગુનો નોંધી દુકાનદારની ધરપકડ કરી છે.

મળતી વિગતો મુજબ, અમદાવાદ જિલ્લાના બાળવા ખાતે રહેતા અને 'બાબારી ફિલ્મ' પ્રોડક્શન હાઉસ ધરાવતા સંદીપ ઓધારભાઈ રબારી ફિલ્મ નિર્માતા તથા લેખક છે. તેમણે ઈન્ડિયન મોશન પિક્ચર પ્રોડ્યુસર્સ એસોસિએશન (IMPPA) ની મેમ્બરશિપ મેળવીને બાબા રામદેવપીરના પરચાઓ પર આધારિત એક ગુજરાતી ફિલ્મની વાર્તા લખી હતી. 'સ્ટેટ ઓફ રામાધણી, ધાર્યું ધણીનું થાય' નામની આ ફિલ્મ ગત ૧૯ જૂનના રોજ રૂપમ એન્ટરટેઈનમેન્ટ કંપની દ્વારા થિયેટરોમાં રિલીઝ કરવામાં આવી હતી. ફિલ્મ બોક્સ ઓફિસ પર ચાલી રહી હતી ત્યારે જ રિલીઝના ૧૦મા દિવસે ફિલ્મના ડિરેક્ટર ભાવેશ ગોરસીયાએ પ્રોડ્યુસર સંદીપ રબારીને ફોન કરીને ફિલ્મ લીક થઈ ગઈ હોવાની વિગત આપી એક લિંક મોકલી હતી. પ્રોડ્યુસરે તાત્કાલિક આઈટી એક્સપર્ટ હેત જોશીની મદદથી એ ઓનલાઈન લિંક તો હટાવી દીધી, પરંતુ ત્યારબાદ ફિલ્મી જગતમાં આ જ ફિલ્મની એક ગુપ્ત 'એમકેવી (MKV) ફાઈલ' ફરતી હોવાનું સામે આવ્યું હતું.

### રિલીઝના ૧૦મા દિવસે જ ફિલ્મ લીક થઈ

આ આખી પાઇરસી ક્યાંથી થઈ રહી છે તેની તપાસ કરતાં પ્રોડ્યુસરને કડી મળી હતી કે આ ફાઈલ સુરતના વરાછા રોડ પર આવેલી એક દુકાનમાંથી વાયરલ થઈ છે. સંદીપ રબારી પોતે રચના સોસાયટી પાસે બોમ્બે કોલોનીમાં આવેલી 'ખોડિયાર મૂવી' નામની દુકાને પહોંચ્યા હતા. જ્યાં દુકાનદારે માત્ર ૨૦ રૂપિયામાં આખી ફિલ્મ પેનડ્રાઇવમાં કોપી કરી આપી હતી. પ્રોડ્યુસરની ફરિયાદના આધારે વરાછા પોલીસે કોપીરાઇટ એક્ટના ભંગ બદલ ગુનો નોંધીને દુકાનદાર નિલેશ મનુભાઈ ઢેબરીયા (રહે. શિવ દર્શન સોસાયટી, યોગીચોક પાસે, સરથાણા) ની ધરપકડ કરી છે. પોલીસે તેની દુકાનમાંથી પાઇરસી માટે વપરાતા સાધનો કબજે કરી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

## સુરત નવી સિવિલમાં નોન-MLC કેસ પેપર્સનો નાશ કરાશે

સુરતઃ સુરતની નવી સિવિલ હોસ્પિટલ દ્વારા ફેબ્રુઆરી-2020 સુધીના નોન-MLC (પોલીસ કેસ સિવાયના) કેસ પેપર્સ અને અન્ય સંબંધિત દસ્તાવેજોના નાશની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. જે દર્દીઓને આ સમયગાળા દરમિયાન સારવાર સંબંધિત કેસ પેપર્સ અથવા અન્ય દસ્તાવેજોની જરૂર હોય તેમણે તા. 31 જુલાઈ, 2026 સુધીમાં જરૂરી આધાર-પુરાવા અને યોગ્ય કારણ સાથે તબીબી અધિક્ષકને અરજી કરીને તેની નકલ મેળવી લેવાની રહેશે. હોસ્પિટલ તંત્રે સ્પષ્ટ કર્યું છે કે, નિર્ધારિત સમયમર્યાદા બાદ ફેબ્રુઆરી-2020 સુધીના નોન-MLC કેસ પેપર્સ અને રજિસ્ટરોનો નિયમ મુજબ નાશ કરવામાં આવશે. ત્યારબાદ આ રેકોર્ડ ઉપલબ્ધ રહેશે નહીં. તેથી સંબંધિત દર્દીઓ અને તેમના પરિવારજનોને સમયસર જરૂરી કાર્યવાહી કરવા અપીલ કરવામાં આવી છે.સરકારની ગાઈડલાઈન મુજબ, હોસ્પિટલોમાં સામાન્ય સારવારના રેકોર્ડ પાંચ વર્ષ સુધી જ સાચવવાના હોય છે.

# ઘરવિહોણા બનેલા પનાસ પ્રજ્ઞાનગર આવાસના રહેવાસીઓનો મોરચો

**2** વર્ષથી કામ ઠપ, ભાડું ન મળતાં જનતા રોડ પર



સુરતઃ સુરત મહાનગરપાલિકાની રિડેવલપમેન્ટ યોજનાના કારણે ઘરવિહોણા બનેલા શહેરના પનાસ વિસ્તારમાં આવેલા પ્રજ્ઞાનગર આવાસના રહેવાસીઓની ધીરજનો અંત આવ્યો છે. બે-બે વર્ષથી ઘરનું ઘર મેળવવા માટે ફાંફાં મારી રહેલા અને લાંબા સમયથી પડતર માંગણીઓથી ત્રસ્ત સ્થાનિકોએ ગુરુવારે મોટી સંખ્યામાં સુરત મહાનગરપાલિકાની મુખ્ય કચેરીએ મોરચો કાઢી હલ્લાબોલ કર્યો હતો.

મનપા શાસકોના પાપે રિડેવલપમેન્ટના નામે બે વર્ષથી વધુ સમય વીતી જવા છતાં હજી સુધી નવાં આવાસોનું બાંધકામ શરૂ થઈ શક્યું નથી, એટલું જ નહીં, ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોને અપાતી ભાડા સહાય પણ સમયસર ન મળતાં સ્થાનિકોમાં મનપા પ્રશાસન સામે રોષ ફાટી નીકળ્યો હતો.

સ્થાનિક પીડિત રહેવાસીઓએ આક્ષેપ કર્યો હતો કે, બે વર્ષ પહેલાં તંત્ર દ્વારા પ્રજ્ઞાનગર આવાસ ખાલી કરાવી રિડેવલપમેન્ટ યોજના હેઠળ આધુનિક નવાં મકાનો બાંધવાનું આશ્વાસન આપવામાં આવ્યું હતું અને નવું મકાન ન બને ત્યાં સુધી વૈકલ્પિક વ્યવસ્થા માટે રહેવાસીઓને નિયમિત ભાડાની સહાય ચૂકવવાની મનપાએ ખાતરી આપી હતી. જો કે, લાંબો સમય વીતી ગયો હોવા છતાં આખી યોજના માત્ર ટેન્ડર પ્રક્રિયાથી આગળ વધી શકી નથી અને કોઈ નોંધપાત્ર પ્રગતિ થઈ નથી. પરિણામે સેંકડો પરિવારો આજે પણ અન્ય જગ્યાએ ભાડાનાં મકાનોમાં રહેવા મજબૂર બન્યા છે અને મોંઘવારીના આ જમાનામાં વધતા જતા આર્થિક ખર્ચનો તોતિંગ બોજ સહન કરી રહ્યા છે. લોકટોળાએ મનપા કચેરી ગજવીને અધિકારીઓને આવેદનપત્ર પાઠવ્યું હતું અને તાત્કાલિક બાકી રહેલી ભાડા સહાય ચૂકવવાની, રિડેવલપમેન્ટની પ્રક્રિયા યુદ્ધના ધોરણે પૂર્ણ કરી નવા આવાસોના બાંધકામનો પ્રારંભ કરવાની તેમજ સમગ્ર પ્રોજેક્ટ ક્યારે પૂરો થશે તેની સ્પષ્ટ સમયમર્યાદા જાહેર કરવાની માંગ કરી હતી. સાથે જ ચીમકી આપી છે કે જો ટૂંક સમયમાં યોગ્ય નિર્ણય નહીં લેવાય તો આગામી દિવસોમાં મનપા સામે વધુ ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

**આજે વિશ્વ પ્લાસ્ટિક બેગ ફ્રી દિવસ** સુરત પ્લાસ્ટિક ફ્રી થાય એવી કોઇ જ શક્યતા દેખાતી નથી

# સુરતમાં રોજ 115 ટન પ્લાસ્ટિક વેસ્ટ ઠલવાય છે

**૧૨૦** માઇક્રોનથી ઓછી જાડાઇવાળી કોથળીનો ઉપયોગ અટકાવવામાં પાલિકા તંત્ર નિષ્ફળ



સુરતઃ વિશ્વ પ્લાસ્ટિક બેગ ફ્રી દિવસના અવસરે સમગ્ર વિશ્વમાં પ્લાસ્ટિક પ્રદૂષણ સામે ચિંતા વ્યક્ત થઈ રહી છે ત્યારે સુરત મહાનગરપાલિકા પ્લાસ્ટિક વેસ્ટના વૈજ્ઞાનિક નિકાલ અને રિસાયકલિંગમાં રાજ્યની અગ્રણી સંસ્થાઓમાં સ્થાન ધરાવે છે. શહેરમાંથી દરરોજ એકત્ર થતો અંદાજે 115 મેટ્રિક ટન પ્લાસ્ટિક વેસ્ટ ભટાર ખાતે આવેલી આધુનિક પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ ફેસિલિટીમાં પ્રોસેસ કરવામાં આવે છે. જેનો અર્થ થાય છે કે શહેરમાં રોજે રોજ 115 ટન પ્લાસ્કિટક બેગ્સ ઠલવાઇ છે. દેશમાં ૧૨૦ માઇક્રોનથી ઓછી જાડાઈ (thickness) ધરાવતી તમામ પ્રકારની પ્લાસ્ટિકની થેલીઓ અને સિંગલ-યુઝ પ્લાસ્ટિક પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ નિયમનો અમલ 31 ડિસેમ્બર 2022 અને 1 જુલાઈ 2022 થી લાગુ કરવામાં આવ્યો છે. તેમ છતાં સુરતમાં દરેક શાકભાજી કે ફેરિયાઓ પાસે ૧૨૦ માઇક્રોનથી ઓછી જાડાઈવાળી કોથળીનો ઉપયોગ કરવામાં આવે છે અને પાલિકા મૂક પ્રેક્ષક બનીને તમાશો જુએ છે.

કેન્દ્ર સરકારના પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ નિયમો અનુસાર વર્ષ 2015માં સ્થાયી સમિતિના નિર્ણય બાદ આ કામગીરી ઈકોવિઝન એન્વાયરમેન્ટલ રિસોર્સિસ LLPને 20 વર્ષ માટે પબ્લિક-પ્રાઈવેટ પાર્ટનરશીપ (PPP) મોડલ હેઠળ સોંપવામાં આવી હતી.

ત્યારબાદ જુલાઈ-2017થી ભટાર ખાતે આશરે બે એકર વિસ્તારમાં પ્લાન્ટ કાર્યરત થયો હતો, જેની દૈનિક પ્રોસેસિંગ ક્ષમતા 200 મેટ્રિક ટન છે. શહેરના આઠ રિફ્યુઝ ટ્રાન્સફર સ્ટેશન પર કાર્યરત મટિરિયલ રિકવરી ફેસિલિટી (MRF) મારફતે પ્લાસ્ટિક વેસ્ટ અલગથી એકત્ર કરવામાં આવે છે. આ ઉપરાંત રેગપિકર્સ અને વિવિધ એનજીઓ સાથે કરાર કરીને ઘરઆંગણે અને કોમર્શિયલ વિસ્તારોમાંથી પ્લાસ્ટિક વેસ્ટના સંગ્રહની વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે.

સુરત મહાનગરપાલિકાએ પ્લાસ્ટિક વેસ્ટના ઉપયોગમાં વધુ એક નવીન પહેલ કરીને રોડ નિર્માણમાં પણ તેનો સમાવેશ કર્યો છે. શ્રેડેડ પ્લાસ્ટિકને ગરમ કરીને બિટુમિન અને એગ્રીગેટ સાથે ભેળવી રોડ બનાવવામાં આવે છે. અત્યાર સુધીમાં શહેરમાં 38.67 કિલોમીટર રોડ પ્લાસ્ટિક વેસ્ટના ઉપયોગથી તૈયાર કરવામાં આવ્યા છે. આ પદ્ધતિ ડામરના વપરાશમાં ઘટાડો કરીને ખર્ચ બચાવે છે અને પર્યાવરણ માટે પણ અનુકૂળ માનવામાં આવે છે.

### દરરોજ દૂધની 1.60 લાખ થેલીઓનું રિસાઇકલિંગ મનપા કરે છે

પ્લાસ્ટિક વેસ્ટના સંગ્રહમાં સૌથી નોંધપાત્ર પહેલ દૂધની પ્લાસ્ટિક થેલીઓ માટે કરવામાં આવી છે. EPR (Extended Producer Responsibility) હેઠળ સુમુલ ડેરી સાથે કરાયેલા કરાર મુજબ શહેરમાંથી દરરોજ અંદાજે 1.60 લાખ દૂધની થેલીઓ અલગથી એકત્ર કરી તેનું રિસાયકલિંગ કરવામાં આવે છે. ભટાર પ્લાન્ટમાં દરરોજ આવતા 115 મેટ્રિક ટન પ્લાસ્ટિકમાંથી લગભગ 20 મેટ્રિક ટન પ્લાસ્ટિક પેલેટ્સ તૈયાર થાય છે. આ પેલેટ્સનો ઉપયોગ ખુરશી, બેન્ચ, ટાઈલ્સ સહિતના વિવિધ પ્લાસ્ટિક ઉત્પાદનોના ઉત્પાદન માટે કાચા માલ તરીકે થાય છે. ઉપરાંત પ્લાસ્ટિક વેસ્ટમાંથી ટેક્સટાઈલ ઉદ્યોગ માટે જરૂરી મટિરિયલ પણ તૈયાર કરવામાં આવી રહ્યું છે, જેના કારણે કચરો હવે ઉપયોગી સંસાધનમાં ફેરવાઈ રહ્યો છે.

# લાખના બાર હજાર, ઈનડોર સ્ટેડિયમમાં નવરાત્રિ માટે અપસેટ કિંમત 20 લાખ

**એક** સમયે એક કરોડનું ભાડું આવતું હતું, જે ઘટી ઘટીને હવે 20 લાખ થઈ ગયું

**ગત** વખતે 25 લાખ ભાડામાં પણ એકપણ વ્યક્તિ ઈનડોર સ્ટેડિયમને ભાડે લેવા આવ્યો નહોતો

સુરતઃ થોડા વરસો પહેલા નવરાત્રિના આયોજન માટે હોટ ફેવરિટ ગણાતા મનપાના ઈન્ડોર સ્ટેડિયમમાં થોડા વરસો પહેલા વિવાદ થયો હતો અને મામલો લોહિયાળ જંગ સુધી પહોંચ્યા હવે આ સ્ટેડિયમનો ગરબા માટેનો ક્રેઝ ઘટી ગયો છે. પોશ ગણાતા અઠવાલાઈન્સ વિસ્તારમાં આવેલા આ સ્ટેડિયમને નવરાત્રિમાં ભાડે લેવા માટે આયોજકો જ ન મળતાં સુરત મહાનગરપાલિકા તંત્રએ આગોતરી તૈયારીના ભાગરૂપે ચાલુ વર્ષે નવરાત્રી વેળાએ ઈન્ડોર સ્ટેડિયમ ભાડે આપવા ટેન્ડર પ્રક્રિયાનો આરંભ કર્યો છે અને જ્યાં એક સમયે એક કરોડનું ટેન્ડર ભરાતું હતું ત્યાં આ વર્ષે 10 દિવસ માટે માત્ર 20 જ લાખના ભાડાની અપસેટ વેલ્યુ નક્કી કરવામાં આવી છે.

આગામી 16 જુલાઇ સુધીમાં આયોજકોએ ટેન્ડર સબમિટ કરવાનું રહેશે, ત્યારે આ વખતે આયોજકો રસ દાખવે છે કે કેમ તેના પર મનપા તંત્રની મીટ મંડાયેલી છે. નોંધનીય છે કે, ગત વર્ષે મનપાએ 25 લાખ ભાડું નક્કી કર્યું હોવા છતાં એક પણ આયોજક ફરક્યો ન હતો. છેલ્લા બે વર્ષથી આયોજકો ન મળવાના કારણે સ્ટેડિયમ ખાલી રહે છે. આ નુકસાનીમાંથી બચવા માટે ચાલુ વર્ષે બેઝ પ્રાઇઝ એટલે કે ભાડામાં સીધો 5 લાખ રૂપિયાનો ઘટાડો કરાયો છે.

## પાંડેસરામાં લગ્નનાં 10 વર્ષ બાદ પણ સંતાન નહીં થતાં યુવાનનો આપઘાત

સુરતઃ પાંડેસરામાં લગ્નના દસ વર્ષ બાદ પણ સંતાન સુખ નહીં મળતા યુવાને ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. મૂળ મહારાષ્ટ્રના વતની રાજુભાઈ જયરામ ગવાણે (ઉં.વ.41) હાલમાં પાંડેસરા વિસ્તારમાં આવેલા પ્રેમનગરમાં પત્ની સાથે રહેતો હતો અને છૂટક મજૂરી કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવતો હતો. રાજુભાઈને લગ્નને દસ વર્ષ જેટલો સમય થઈ ગયો હતો. અનેકવાર દવાઓ કરી છતાં દંપતીને સંતાન પ્રાપ્તિ થતી ન હતી. આ ટેન્શનમાં આવીને બુધવારે મોડી રાત્રે રાજુભાઈએ ઘરમાં લોખંડના પાઈપ સાથે દુપટ્ટો બાંધીને ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. બનાવને પગલે પાંડેસરા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, શહેરમાં છેલ્લા કેટલાક સમયથી આત્મહત્યાના કિસ્સા વધી રહ્યાં છે. માત્ર આર્થિક સંકળામણ નહીં પરંતુ જુદા જુદા અન્ય કારણસર પણ આપઘાતના બનાવ બની રહ્યાં છે.